# મોદીએ સુઝુકી ઈફ બેટરી પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો

## ભારતમાં સુઝુકી કંપનીના ૪૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં મોદીએ હાજરી આપી : ભારત જાપાનના સંબંધો નવી ઉંચાઈએ : વડાપ્રધાન



ગાંધીનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએભારતમાં સુઝુકી કંપનીના ૪૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે ગાંધીનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં હરિયાણા માટે મારુતિ સુઝુકી વ્હીકલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી અને ગુજરાતના હાંસલપુર માટે સુઝુકી ઈફ બેટરી પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો.ભારતમાં સુઝુકી કંપનીના ૪૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે ઈ વાહનોની બેટરીના ઉત્પાદન માટે હાંસલપુરમાં પ્લાન્ટ સ્થપાશે. જેમાં વર્ષ ૨૦૧૨માં મારૂતિ સુઝુકીએ પ્રથમ પ્લાન્ટ હાસલપુરમાં સ્થાપ્યો હતો. તેમજ હાલ સવાસોથી વધુ જાપાની કંપની ગુજરાતમાં આવી છે.

ગુજરાતમાં હાંસલપુરમાં ઈલેક્ટ્રીક વ્હીકલ બેટરી માટેનો પ્લાન્ટ સ્થપાશે. મારૂતિ સુઝુકી ગુજરાતમાં ઈફ અને બેટરીનું ઉત્પાદન કરશે. નવા પ્લાન્ટ માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. પીએમ મોદીએ કહ્યું કે સરકારે ઈલેક્ટ્રીક વ્હીકલને ગતિ આપવા માટે અનેક કામ કર્યા છે, અનેક નીતિગત નિર્ણયો કર્યા છે. ૨૦૨૨માં બેટરી સ્વેપિંગ પોલિસી લવાઈ, સાયલન્ટ રિવોલ્યુશન ઈલેક્ટ્રીક વ્હીલકલ ચાર્જિંગ સ્ટેશન માટે પણ અનેક પગલા લેવાયા. ઈલેક્ટ્રીક વ્હીકલની ખરીદી પર સરકાર સહાય કરે છે. લોનમાં સરળતા અને ઈમકમટેક્સમાં છૂટ આપવા જેવા નિર્ણયો પણ કરાયા છે.

એક રાજ્ય અને એક વિકસિત દેશનું સાથે ચાલવું મોટી ઉપલબ્ધિ છે ગુજરાતને ગોલ્ફની દુનિયા સાથે કોઈ સંબંધ ન હતો, છેલ્લા થોડા વર્ષોમાં આજે ગુજરાતમાં અનેક ગોલ્ફ ક્લબ છે. સવાસો થી વધુ જાપાનની કંપની ગુજરાતમાં કામ કરે છે. ગુજરાતમાં આજે વિકાસની જે ભૂમિકા છે તેમા કાયઝેનની મોટી ભૂમિકા છે.

બુલેટ ટ્રેનથી લઈ વિકાસની અનેક યોજનાઓ ભારત-જાપાન મિત્રતાનું ઉદાહરણ. ગુજરાત અને જાપાન વચ્ચેનો સંબંધ ડિપ્લોમેટિક મર્યાદાઓથી ક્યાંય આગળ છે. ૧૩ વર્ષ પહેલા કંપની તેમના પ્લાન્ટ માટે ગુજરાત આવી હતી ત્યારે મે તેમને કહ્યુ હતુ કે જાપાનના મિત્રો ગુજરાતનું પાણી પીશે ત્યારે તેમને બરાબર સમજ આવી જશે કે વિકાસનું પરફેક્ટ મોડલ ક્યાં છે. મારૂતિ સુઝુકીના ભારતમાં ૪૦ વર્ષ પૂર્ણ થવા પરઁ સ્એ શુભેચ્છા પાઠવી હતી. તેમજ પીએમએ જણાવ્યુ કે ૮ વર્ષમાં ભારત-જાપાનના સંબંધોને નવી ઉંચાઈએ પહોંચ્યા. ભારત જાપાન દોસ્તીનો ઉલ્લેખ કરતા દિવંગત શિન્ઝો આબેને કર્યા યાદ.

# કલોલના વડસર ગામમાં રૂ. ૬ કરોડના ખર્ચે નવીનીકરણ થનાર તળાવના કામનું ખાતમુહૂર્ત

## પૂર્વજોએ બનાવેલા તળાવોની સાચવણી કરવાની જવાબદારી આપણા સૌની છે : અમિત શાહ




ગાંધીનગર, તા.૨૮

આપણા પૂર્વજોએ તળાવ બનાવ્યા છે, જેની સાચવણી કરવાની જવાબદારી આપણા સૌની છે. વર્ષો સુધી વરસાદ આવે, તળાવ ભરાય, જમીનના પાણીના તળ ઉંચા આવે તેવી સુચારું વ્યવસ્થા ઉભી કરવા માટે જળબેંક બનાવવી જોઈએ, તેવું આજરોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું. ગાંધીનગરના કલોલ તાલુકાના વડસર ગામમાં રૂપિયા ૬ કરોડના ખર્ચે નવીનીકરણ થનાર તળાવના કામનું ખાતમુહૂર્ત કરીને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ગુજરાતના કોઈપણ ગામના તળાવો એકબીજા સાથે લિંક છે. પૂર્વજોએ તળાવનું નિર્માણ એવી રીતે કર્યું હતું કે, કોઈપણ ગામના તળાવનું પાણી ઉભરાય તો અન્ય ગામના તળાવમાં પાણી જાય. પરંતુ આઝાદી પછી કોઈએ આ તળાવના એકબીજાના જોડાણ કરતા આવરા કે માર્ગની સફાઈની ચિંતા કરી નથી. જેની ફલશ્રૃતિ રૂપે તળાવો સુકાવવા લાગ્યા, તળાવ નજીક કચરાના ઢગલા થવા લાગ્યાં, તળાવમાં ગંદકી થવા લાગી અને પાણીના તળ નીચે જવા લાગ્યા છે. આજે લોકોને ફલોરાઈડ વાળું પાણી પીવાના દિવસો આવ્યા છે. પરંતુ ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા કેનાલની સુચારું વ્યવસ્થા ગોઠવી છે. રાજયમાં ધીમે ધીમે પાણીના તળ ઉંચા આવી રહ્યા છે. તળાવનું નવીનીકરણનું કામ દેખાવમાં નાનું છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, આપણી આવનારી પેઢીઓ પાણીથી, પાણી દ્વારા અને પાણી થકી પોતાનું સ્વાસ્થ સાચવી શકશે. ફલોરાઈડ વાળું પાણી શરીરમાં ધીમા ઝેરી જેવું છે. પાણીના તળ ઉંચા લાવવા તથા જમીનના પાણીમાં ફલોરાઈડની માત્રા ઘટાડવાના ઉમદા આશયથી ગાંધીનગરના આઠમા તળાવના નવીનકરણના કામનો આરંભ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં ત્રણ એકરથી મોટા તળાવોને આગામી ૧૦ વર્ષમાં સુંદર બનાવવામાં આવશે, તેવો દ્દઢ વિશ્વાસ વ્યક્ત કરીને ઉમેર્યું હતું કે, આ તળાવો ગામનો આત્મા બની રહેશે. આજે વડસર ગામનું તળાવનો વિકાસ કાર્યનો આરંભ થયો છે. જે આગામી સમયમાં ગામનું ઉર્જા કેન્દ્ર બની રહેશે. આ તળાવમાં નાના ભુલકાઓ માટે રમવાના સાધનો, વડીલોને બેસવા માટે બાંકડા, જન્મ દિવસ કે લગ્ન પ્રસંગ કરી શકાય તેવી વ્યવસ્થા પણ તળાવના વિકાસ કાર્યમાં પ્રાધાન્ય આપવામાં આવી છે. વડસર ગામના તળાવ ખાતે વન જેવું જંગલનું નિર્માણ કરવામાં આવશે, ત્યાં બોટિંગની પણ સુવિધા સાથે સાથે ખાણીપીણીનું બજાર બનશે. તળાવને પાણીથી ભરેલું રાખવા માટે આવરાઓની સફાઈ કરવામાં આવશે. તેની સાથે પ્રકૃતિના સોદર્યની અનુભુતિ કરવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જે વૃક્ષો પક્ષીઓ માટે નિવાસસ્થાન બની રહેશે. આગામી એક વર્ષમાં આ કાર્ય પૂર્ણ થશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે વડસર ગામની સ્કુલ, દવાખાના, તળાવના નવીનકરણ કે અન્ય કોઈ ગામના વિકાસ કાર્ય માટે રૂપિયા ૪ કરોડની જોગવાઈ કરી આપવાની જાહેરાત કરી હતી. આ રૂપિયા ગ્રામજનોને ગામના દવાખાના, શાળા સંકુલના વિકાસ કાર્યમાં વાપરવા માટે પણ ગ્રામજનો અને સરપંચને ભારપૂર્વક જણાવ્યું હતું.

# કાનેરા ગામમાં મકાન ધરાશાયી થતા ૬ લોકોનો આબાદ બચાવ



અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી હતી ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધો છે ત્યારે સતત વરસાદના પગલે મકાનોને ભેજ લાગતા અનેક જર્જરીત અને કાચા મકાનો ધરાશાયી થવાની દહેશત વચ્ચે માલપુર તાલુકાના કાનેરા ગામ એક મકાન ધરાશયી થતા ભારે અફડાતફડી મચી હતી મકાન ધરાશાયી પહેલા પરિવારના ૬ સદસ્યો ઘરની બહાર દોડી આવતા આબાદ બચાવ થયો હતો ગરિબ ખેત મજૂર નો આશરો છીનવાયો હતો ગરીબ પરિવારે તંત્ર પાસે યોગ્ય વળતર આપવામાં આવેની માંગ કરી હતી

# બીએસએફના વેસ્ટર્ન કમાન્ડના એડિશનલ ડાયરેક્ટર જનરલની ત્રિદિવસીય મુલાકાત



ગાંધીનગર, તા.૨૮

સીમા સુરક્ષા દળ બીએસએફના ચંદીગઢ ખાતેના એડિશનલ ડાયરેક્ટર જનરલ (વેસ્ટર્ન કમાન્ડ) પી.વી. રામશાસ્ત્રીએ તા.૨૩થી ૨૫ ઓગસ્ટ દરમિયાન ગુજરાત ફ્રન્ટિયરની મુલાકાત લીધી હતી. ફ્રન્ટીયર હેડક્વાર્ટર ગાંધીનગર પહોંચતા, ઈન્સ્પેક્ટર જનરલ ગુજરાત ફ્રન્ટીયરે તેમને ગુજરાત ફ્રન્ટિયર દ્વારા લેવામાં આવેલા વ્યૂહાત્મક મુદ્દાઓ, સરહદ વ્યવસ્થાપન અને અન્ય પાસાઓ વિશે માહિતગાર કર્યા હતા. અધિક મહાનિર્દેશક ગુજરાત ફ્રન્ટીયરના મહાનિરીક્ષક અને વરિષ્ઠ અધિકારીઓ સાથે ફ્રન્ટીયર હેડક્વાર્ટર, હોસ્પિટલ, કેન્ટીન, બુદ્ધ હર્બલ ગાર્ડન, અંકુર પ્લે સ્કૂલ, જવાન બેરેકની વિવિધ કચેરીઓની મુલાકાત લીધી હતી અને ત્યાંની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન સાહેબે કેમ્પસમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પછી તેમણે "સેન્ટ્રીન કોન્ફરન્સ" ને સંબોધિત કરી અને ઉપસ્થિત તમામ સરહદ રક્ષકોને દળની અનેક કલ્યાણકારી યોજનાઓ વિશે જણાવ્યું અને શિસ્ત અને વ્યવસાયિકતાનું ઉચ્ચ ધોરણ જાળવવા પ્રેરિત કર્યા. અંતમાં અધિક મહાનિર્દેશકે ગુજરાત ફ્રન્ટિયર દ્વારા કરવામાં આવેલ બોર્ડર મેનેજમેન્ટ અને વિકાસ કાર્યોની પ્રશંસા કરી હતી. આ પછી, અધિક મહાનિર્દેશક રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળ્યા અને તેમને સરહદ પર બીએસએફ દ્વારા કરવામાં આવતા સુરક્ષા સંબંધિત વિકાસ કાર્યો વિશે માહિતી આપી હતી. તા.૨૪મી ઓગસ્ટના રોજ, અધિક મહાનિર્દેશકે સેક્ટર ભુજ અને ગુજરાત ફ્રન્ટિયરની સરહદી ચોકીઓની મુલાકાત લીધી અને સુરક્ષા સંબંધિત અને અન્ય વિકાસલક્ષી કાર્યોનું નિરીક્ષણ કર્યું.

# બનાસકાંઠા ભૂસ્તર વિભાગે ખનીજ ચોરી સાથે અઢી કરોડનો મુદામાલ ઝડપ્યો

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા ખનિજ ચોરી ઝડપવામાં અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં તપાસ હાથ ધરવામાં આવી રહેલ છે, જેમાં ગત રાતે ૨૭ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ ચેકિંગ કામગીરી દરમિયાન ખાનગી રાહે આકસ્મિક તપાસ કાંકરેજના અરણીવાડા ગામ નજીક ગેરકાયદેસર સાદી રેતી વહન કરતા ૩ ટ્રેલર તેમજ ૫ ડમ્પર રોકાવી પૂછપરછ કરતાં રોયલ્ટી પરમીટ વગર સાદી માટી વહન કરતા હતા જેને ઝડપી શિહોરી પોલિસ સ્ટેશન ખાતે મૂકવામાં આવેલ છે. આમ, ૮ વાહન તેમજ ખનિજ મળી રૂ. ૨.૫૦ કરોડનો મુદામાલ કબ્જે કરેલ. જેની અંદાજે ૧૫ લાખની દંડકિય રકમની વસુલાતની કાર્યવાહી ચાલુમાં છે.

વધુમાં ભૂસ્તરશાસ્ત્રીની કચેરી, બનાસકાંઠાની તપાસ ટીમ દ્વારા અવાર નવાર સમગ્ર જિલ્લામાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે છે

# "સ્વચ્છ વિદ્યાલયમાં સ્ટેટ લેવલે એવોર્ડ લેતી ગાંધીનગરની એક માત્ર ગ્રીન વેલી સ્કૂલ ફોર ચિલ્ડ્રન"



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના સ્વચ્છ ભારત - સ્વચ્છ વિદ્યાલય ના સપના ને સાકર કરવા માટે સ્વચ્છ વિધ્યાલય પુરુસ્કાર, મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, ભારત સરકાર દ્વારા દર વર્ષે આપવામાં આવે છે જેમાં વર્ષ ૨૦૨૧ – ૨૦૨૨ માટે સમગ્ર રાજ્યમાથી કુલ ૫૧૦૦૦ શાળાઓએ ભાગ લીધેલ હતો જેમાં પ્રથમ રાઉન્ડ માં લગભગ ૧૬૦૦ સ્કૂલો ને જીલ્લા કક્ષાએ એવોર્ડ મળેલ હતો, ત્યાર પછી જીલ્લા કક્ષાએ એવોર્ડ મેળવેલ ૧૬૦૦ સ્કૂલોમાથી સમગ્ર રાજ્યમાથી સ્ટેટ લેવલ માટે ૨૬ સ્કૂલોને જુદી જુદી કેટેગરી માટે પસંદ કરવામાં આવેલ હતી.

જેમાં ગાંધીનગર જીલ્લાની એક માત્ર ખાનગી સ્કૂલ "ગ્રીન વેલી સ્કૂલ ફોર ચીલ્ડ્રન" ( મધર્સ પ્રાઈડ સ્કૂલ કેમ્પસ ) ને બેસ્ટ હાઈજિન તેમજ સેનિટેશન માટે માનનીય શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘણી દ્વારા એવોર્ડ આપવામાં આવેલ હતો., તેમજ પ્રોત્સાહન રૂપે રૂપિયા ૨૦,૦૦૦/- ની રોકડ ભેટ આપવામાં આવેલ હતી. આ એવોર્ડમાં રાજ્ય કક્ષા ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર, માધ્યમિક શિક્ષણ બોર્ડ ના ચેરમેન શ્રી શાહ સાહેબ પ્રાયમરી એજ્યુકેશન ડાયરેક્ટર શ્રી જોશી સાહેબ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

સંસ્થાના પ્રિન્સિપાલ વૈશાલીબેન બેલાણી, રિચાબેન દીક્ષિત, ટ્રસ્ટી શ્રી સલોનીબેન પટેલ ને શિક્ષણમંત્રી શ્રી દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામા આવેલ હતા. સંસ્થા ના મેનેજીંગ ડાયરેકટર નિલેશભાઈ પટેલે ઉપરોક્ત એવોર્ડ ની બધી જ ક્રેડિટ સ્કૂલ ના સપોર્ટિંગ સ્ટાફ ને આપવામાં આવેલ હતી.

## જગ્યાઓ ખાલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટના લીધે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો સહીત અન્ય માળખાગત સુવિધાના કામો સંદર્ભે કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. પાટગર યોજના વિભાગમાં મંજુર મહેકમ સામે ૫૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. જેના લીધે મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં છે. નાયબ કાર્યપાલક ઈજનેરની ૬ મદદનીશ ઈજનેરની ૧૦ કચેરી અધિક્ષકની ૧ મેનેજર વર્ગ-૨ની ૧ નકશાગારની ૨, મદદનિશ નકશાગારની ૫ રેખનકારની ૬, સિનિયર કલાર્કની ૩૮ તેમજ કારકુનની ૫૨ વર્ક આશિષ્ટન્ટની ૫૫ તેમજ ડ્રાઈવર, પટાવાળા સહીત ચોકીદારની ૬ જગ્યાઓ ખાલી છે. આ સ્થિતિ વચ્ચે પાટનગર યોજના વિભાગની વહીવટી કામગીરી પર વિપરિત અસર વર્તાઈ રહી છે. સરકારી આવાસોની જાળવણી અને ભાડા વસુલાતી શાખાનુ કામ પણ પ્રભાવિત છે. મેન પાવરના અભાવ વચ્ચે પાટનગર યોજના વિભાગ હસ્તક હાલ જેટલી પણ કામગીરી છે તે પણ યોગ્ય રીતે થઈ શકતી નથી જેના લીધે વિકાસના જરૂરી કામો ઉપરાંત માળખાગત સુવિધાની કામગીરી પણ વિલંબમાં પડે છે.

## આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણીનુ કામ હાલ માર્ગ મકાન વિભાગ હસ્તક છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની જવાબદારી હવે કોર્પોરેશનના શીરે આવી છે. ત્યારે સેકટરામાં માર્ગ સુધારણાનુ કામ ત્વરિત અસરથી હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ નેટવર્ક દિવાળી પુર્વે ચકાચક બનાવી દેવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. જો કે હજુ સુધી નવા સેકટરોમાં માર્ગોની જાળવણી માટે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી

## અહેવાલ આપવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે આ ત્રણેય પ્લાન્ટની કાર્ય ક્ષમતાનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યુ છે અને તે પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જો કે એવી ચર્ચા જાગી છે કે ગાંધીનગર શહેરની વસ્તીનો અંદાજ અને વિકાસ વધ્યો હોવાથી પણ આ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કાર્યક્ષમતામાં ઘટાડો થઈ શકે છે.

બીજી તરફ ગાંધીનગર નજીક આવેલ સરગાસણ પાસે ૬૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની દરખાસ્ત ક્યારનીય મંજૂર થઈ ગઈ છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા જ આ દરખાસ્ત રજુ થઈ હતી અને બે વર્ષ પૂર્વે તેને મંજૂરી આપવામાં આવી હતી પરંતુ જમીનના વિવાદને લઈ મામલો અભેરાઈએ પડી જવા પામ્યો છે. તત્કાલીન મંત્રી કુંવરજી બાવળિયાએ સાઈટ વિઝીટ પણ કરી હતી પરંતુ તે અંગેનો કોઈ આખરી નિર્ણય થઈ સક્યો ન હતો.

## ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શનિવારે મુલાકાત કરી હતી. સૂત્ર અનુસાર વર્કિંગ કમિટીની બેઠકમાં ઘણા નેતાઓએ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને પાર્ટીની કમાન સંભાળવા માટે કહ્યુ છે. નોંધનીય છે કે કોંગ્રેસ પાર્ટી રાહુલ ગાંધીના નેતૃત્વમાં ૭ સપ્ટેમ્બરથી કન્યાકુમારીથી ભારત જોડો યાત્રાની શરૂઆત કરવાની છે. ૧૪૮ દિવસીય આ યાત્રાનું સમાપન કાશ્મીરમાં થશે. પાંચ મહિનાની આ યાત્રા ૩૫૦૦ કિલોમીટર અને ૧૨ કરતા વધુ રાજ્યોમાંથી પસાર થશે. પદયાત્રા દરરોજ ૨૫ કિલોમીટરનું અંતર કાપશે. તેમાં પદયાત્રા, રેલીઓ અને જનસભાઓ સામેલ હશે, જેમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત પાર્ટીના વરિષ્ઠ નેતા પણ સામેલ થશે.

## ઉજવી રહ્યું છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાડેજા, હીરાલાલ પારેખ, જનસુખ ઠક્કર, રસીક ઠક્કર, ભોપાલભાઈ, અંજારના ચંપકલાલ શાહ જેવા લોકોની સાથે ખભા સાથે ખભા મળાવીને કામ કરવાનુ સૌભાગ્ય મળ્યુ હતું. આજે તેઓ હયાત નથી. તેમની આત્મા જ્યા પણ હશે કચ્છના વિકાસ માટે તેમને સંતુષ્ટિ અનુભવાશે અને આપણને આશીર્વાદ આપશે.

આજે પણ કચ્છના વિકાસને આ લોકો પ્રેરણા આપે છે. કચ્છમાં રસ્તે ચાલતા પણ કોઈ વ્યક્તિ સપનુ સેવે તો આખું કચ્છ તેને વટવૃક્ષ બનાવવામાં જોડાઈ જાય છએ. કચ્છના આ જ સંસ્કારોએ આશંકા આકલનને ખોટુ સાબિત કર્યું. કચ્છ ક્યારેય ઉભુ નહિ થઈ શકે એવુ કહેનારા બહુ જ હતા. પણ આજે અહી તસવીર બદલાઈ ગઈ છે. ભૂકંપ પછીની દિવાળી મેં ઉજવી નથી. મારી સરકારના કોઈ મંત્રીએ દિવાળી ઉજવી નથી. ભૂકંપ બાદની પહેલી દિવાળીમાં સ્વજનોની યાદ આવવી સ્વભાવિક હતું. તેથી હું તમારી વચ્ચે આવીને રહ્યો. તેથી જ હું વર્ષોથી દિવાળી બોર્ડર પર જઈને દેશના જવાનો સાથે ઉજવું છું. તે વર્ષે મેં પરંપરા છોડીને ભૂકંપ પીડિતો વચ્ચે આવ્યો હતો. મુશ્કેલીના એ દિવસોમાં મેં કહ્યુ હતું કે, કે આપણે આપદાને અવસરમાં બદલીને રહીશું. તમને જે રણ દેખાય છે તે રણમાં મને ભારતનું તોરણ દેખાય છે. આજે હું લાલ કિલ્લાથી કહુ છું કે, ૨૦૪૭ ભારત વિકસીત દેશ બનશે. આજે તે સત્ય બનીને ઉભર્યું છે.

આજે આ જ કચ્છમાં પશુધનથી ધન વધારવાનું શરૂ કર્યું છે. ૨૦ વર્ષમાં અહીં દૂધનુ ઉત્પાદન ત્રણ ગણું વધ્યું. સરહદ ડેરીના પ્રારંભે માત્ર ૧૪૦૦ લીટર દૂધ જમા થતુ હતું. પરંતુ આજે ૫ લાખ લિટર દૂધ ભેગુ થાય છે. કચ્છએ આખા ગુજરાતને વિકાસની નવી ગતિ આપી છે. એક સમયે ગુજરાત પર કુદરતી આપદાના અનેક સંકટ આવી રહ્યાં હતા. ગુજરાત પર ષડયંત્રો થતા.

આવી સ્થિતિમાં પણ એક તરફ ગુજરાત ડિઝાસ્ટર એક્ટ બનાવતુ પહેલુ રાજ્ય બન્યું. તેના પર કાયદો બન્યો. આ કાયદો કોરોનાકાળમાં ઘણો કામમાં આવ્યો. કચ્છના વિકાસ માટે લાખો કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થયું છે. અહી દુનિયાના સૌથી મોટા સિમેન્ટ પ્લાન્ટ છે. દુનિયાનો બીજો સૌથી મોટો ટેક્સટાઈલ પ્લાન્ટ છે. હિન્દુસ્તાનમાં કોઈ એવુ નહિ હોય જેણે અહીંનું મીઠું ખાધુ નહિ હોય.

કચ્છનો ક અને ખમીરનો ખ એનુ નામ મારો કચ્છડો બારેમાસ. સ્મૃતિવન દુનિયાનું મહત્વનુ નજરાણું છે, તેને જાળવવાની જવાબદારી તમારી છે. ભૂજિયા ડુંગરને લીલોછમ બનાવવાનો છે. રણોત્સવમાં જેટલી તાકાત છે, તેના કરતા અનેકગણી તાકાત સ્મૃતિવનમાં છે. આ મોકો ચૂકતા નહિ. સપના સાથે અને સંકલ્પ સાથે મેં તેમાં કામ કર્યું છે. તેમાં તમારી ભાગીદારી સાથ સહકાર જોઈએ. ભુજિયો ડુંગર જીવતો થાય તેના માટે તમારો સાથે જોઈએ.

## ટ્વિન ટાવર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિલ્ડીંગમાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા અને એક સાથે વોટરફોલ સ્ટાઈલમાં આ ટ્વિન ટાવરને પાડવામાં આવ્યા હતા. આ બિલ્ડીંગ પડ્યા બાદ ચારે તરફ કાટમાળના ધુમાડાના વાદળો ઉઠ્યા હતા. જ્યારે આ ટ્વિન ટાવરને તોડવામાં આવ્યા ત્યારે ત્યાં હાજર લોકોએ એક મોટો ધડાકો સાંભળ્યો હતો. લોકોને ધરતીકંપનો પણ અનુભવ થયો હતો. જોતાં-જોતાં જ સમગ્ર વિસ્તારમાં ધુમાડાના વાદળો છવાઈ ગયા હતા.

સેક્ટર ૯૩ એમાં બનેલા ૧૦૩ મીટર ઉંચા એપેક્સ અને ૯૭ મીટર ઉંચા ટ્વિન ટાવરને ધ્વસ્ત કરવા માટે ૩૭૦૦ કિલો વિસ્ફોટક વાપરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ૩૨ માળની ઈમારત તૂટવામાં માત્ર ૯ સેકન્ડનો સમય લાગ્યો. વિસ્ફોટ બાદ ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. આ ધૂળની ડમરીઓ ૩ કિલોમીટરની ત્રિજ્યાની અંદર ફેલાઈ ગઈ હતી. સુરક્ષાની દ્રષ્ટીએ અમરાલ્ડ કોર્ટ અને આસપાસની સોસાયટીના ફ્લેટ ખાલી કરાવાયા હા. આ ઉપરાંત લગભગ ૩ હજાર વાહન અને ૨૦૦ પશુઓને પણ બહાર કાઢવામાં આવ્યા હતા. એડફિસ એન્જિનિયરિંગના પ્રોજેક્ટ મેનેજર મયુર મહેતાએ જણાવ્યું કે પોલીસની મંજૂરી મળ્યા બાદ બપોરે અઢી વાગે ટ્રિગર દબાવવામાં આવ્યું હતુ.

આસપાસના વિસ્તારમાં ધૂળના વાદળો છવાયા છે. વિસ્ફોટના માત્ર ૯ સેકન્ડ બાદ જ આખી ઈમારત માટીમાં ફેરવાઈ ગઈ હતી. પરંતુ કેટલાક કિલોમીટર સુધી ધૂળની ચાદર છવાઈ ગઈ હતી.